## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




સાહેબ, કાં અમારા માટે તલાકનો કાયદો લાવો અથવા ૩૭૦ની કલમ પાછી લાવો... અમારી વીફ પહેલા કાશ્મીર ફરવા જવાની જ માંગ કરતી હતી હવે તો કાશ્મીરમાં પ્લોટની માંગણી કરે છે...

# ગાંધીનગરમાંથી પાંચ સ્થળેથી ૨૦ જુગારીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેરમાં જુગારીઓ જુગાર રમવા માટે બેબાકળા બની ગયા હોય તેમ લાગી રહ્યું છે. શ્રાવણીયો જુગાર પુરબહારમાં ખીલી ઉઠ્યો છે. ત્યારે પોલીસે વિવિધ પાંચ સ્થળે દરોડા પાડીને જુગાર રમતા ૨૦ શકુનીઓને પકડી પાડ્યા છે. શહેરના સેક્ટર-૧૩ છાપરા વિસ્તારમાં ટોરેન્ટ પાવર સ્ટેશન નજીક જુગાર રમતા ચાર શકુનીઓને સેક્ટર -૭ પોલીસે ઝડપી લીધા હતા. છાપરામાં જ રહેતા મહેલુ નગીન દવીજપૂજક, રવિ પ્રહલાદ વાલ્મીકી, નલીન દલસુખ ઉગરેજીયા, ચત્તરસિંગ સિકલીગરને રોકડ રૂ.૩૩૫૦ તેમજ ત્રણ મોબાઈલ મળીને કુલ રૂ.૧૭,૮૫૦ ની કિંમતના મુદામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

તો બીજીતરફ સેક્ટર-૧૩ ખાતે લીમડીવાળા વાસ નજીક આવેલા છાપરામાંથી પણ જુગાર રમતા ચાર શકુનીઓને પોલીસે પકડી પાડ્યા છે. ત્યાં નજીકમાં જ વસવાટ કરતા દુર્ગેશ પ્રહલાદ ઠાકોર, સુરેશ પ્રહલાદ દંતાણી, વિજય કિશન દંતાણી, સંજય ભીખા ઠાકોરને રોકડા રૂ.૨૮૫૦ સાથે દબોચી પાડી તમામ સામે જુગારધારાનો કેસ કરી કાયદેસરની કાર્યવાહી શરુ કરી છે.

કોલવડા ગામમાંથી જુગાર રમતા બે જુગારીઓને પેથાપુર પોલીસે પકડી પાડ્યા છે. પેથાપુર પોલીસે બાતમીને પગલે કોલવડા ગામે રાવળવાસમાં આવેલા ખોડીયાર માતાના મંદિર આગળ ઓટલા પર જુગાર રમતા બે જુગારીઓને પકડી લીધા હતા. જુગારીઓમાં કોલવડા ગામના દિનેશ ધુળા રાવળ અને રાંધેજાના ડાહ્યા રણછોડ રાવળને રોકડા રૂ. ૧૦૫૨૦ સાથે પકડી પાડી બંને સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

તો બીજીતરફ અડાલજ પોલીસે ભાટ પાસે રેઈડ પાડીને જુગાર રમતા ત્રણ જુગારીઓને રંગેહાથ પકડી પાડ્યા હતા. ભાટ પાસે આવેલી રાજધાની સોસાયટીના ખુલ્લા પ્લોટીંગની જગ્યામાં જુગાર રમી રહ્યા હતા. પોલીસે શૈલેષ મહેશ રાવળ, અક્ષય અમરસિંહ ઠાકોર, ચેતન રતીલાલ મારવાડીને પોલીસે જુગાર રમતા દબોચી લીધા હતા. પોલીસે દાવ પરથી રોકડ રૂ.૧૧,૮૦૦ અને ત્રણ મોબાઈલ મળીને કુલ રૂ.૨૪,૪૮૦નો મુદામાલ કબ્જે કરી વધુ તપાસ અડાલજ પોલીસે હાથ ધરી છે.

જયારે ગાંધીનગર એલસીબી-૨ ના ઈન્ચાર્જ પીઆઈ વાય.જે.રાઠોડની ટીમે પેથાપુર ઓકોલ ખેતર વિસ્તારમાં સાત ઈસમોને જુગાર રમતા પકડી લીધા હતા.એલસીબીએ પેથાપુરના જ રહેવાસી પ્રવિણ રામાજી ડાભી, જીલુ રામાજી ડાભી, બાબુ કાળાજી ઠાકોર, નયન મહેન્દ્ર ત્રિવેદી, લાલા ગોપાલ મદ્રાસી, જગદીશ સનાજી ડાભી, અશોક ભાયલાલ પરમારને પકડી પાડ્યા હતા. જયારે પોલીસે જુગારીઓ પાસેથી રોકડ રૂ. ૧૬,૬૦૦ નો મુદામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



## ટીપી ૯ના મુખ્ય માર્ગ વચાળે જીવલેણ ખાડો

સરગાસણના ટીપી-૯ વિસ્તારના મુખ્ય માર્ગ ઉપર વરસાદથી માર્ગનું ધોવાણ થઈ જતા મસમોટો ખાડો પડી ગયો છે. વાહનચાલકો ખાડાથી બચવા ગમે તેટલા પ્રયાસ કરે છે છતાં પણ ખાડાની સ્થિતિ થકી ફરજીયાત વાહન ખાડામાં પડીને જ પસાર થાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે એકાદ બે માસ પહેલાં જ તંત્ર દ્વારા માર્ગનું પેવર કામ કરવામાં આવ્યુ હતુ જેની ગુણવત્તા અત્યંત નબળી હોવાનું આ ખાડા ઉપરથી રહીશોને લાગી રહ્યુ છે. વરસાદી પાણીથી ભરાયેલા ખાડાના ઊંડાણથી અજાણ વાહનચાલકો ખાડામાં પછડાઈ રહ્યા છે અને વાહન ખોટકાઈ રહ્યા છે તો બાઈક અને એક્ટીવા ચાલકોના પાછળ બેસેલા વ્યક્તિ નીચે પડી જવાના બનાવો બન્યા છે જે જીવલેણ બનવાના સંજોગો ઉભા થયા છે. દૈનિક હજારોની સંખ્યામાં પસાર થતા વાહનો માટેના આ માર્ગની સત્વરે મરામત થાય તેવી માંગ ઉઠી છે.

## સેક્ટર-૧૯માં ઉભરાતી ગટર અંગે તંત્ર આંખ આડા કાન કરે છે તો અન્ય સેક્ટરોમાં શું ?

ગાંધીનગર, તા. ૧૯

પાટનગર એટલે સુવિધા અને સુખોથી ભરપુર નગર એવી સામાન્ય માણસની છાપ હોય છે પણ આ પાટનગરમાં ભુવા, પાણી અને ગટરની સમસ્યા વિકરાળ બની છે.

આજે મનપાની સામાન્ય સભામાં ગટરો ઉભરાતી હોવાની ફરિયાદો કોંગ્રેસે કરી હતી અને મેણુ પણ માર્યુ હતુ કે મુખ્યમંત્રી સુધી જઈએ તો શહેરની સારી વાતોની સાથે પ્રશ્નોની પણ ચર્ચા કરો અને તેનો ઉકેલ આવે તે દિશામાં કાર્યવાહી કરાવો.

શહેરના વી.આઈ.પી. ગણાતા સે. ૧૯માં પુનિતવનની સામે જીમખાનાના દરવાજે ગટર ઉભરાઈ રહી છે. અહિ સરકારના મોટા મોટા બાબુઓ મોર્નિંગ વૉકમાં પણ આવે છે પણ દુર્ગંધ મારતા પાણીને જોઈ નાક અને મ્હોં પર રૂમાલ દબાવી પરત ફરે છે.

આજે મનપાની બેઠકમાં આ માટે જેટીંગ મશીન વસાવવાનુ પણ સૂચન કર્યુ હતુ. સે. ૧૯ જ નહિ પરંતુ અન્ય સેક્ટરોમાં આનાથી ખરાબ સ્થિતિ જોવા મળી રહી છે. સે. ૧૯ની વાત તંત્ર કાને ધરતુ નથી તો પછી અન્ય સેક્ટરોની વાતો તો ક્યાંથી થાય.





ગાંધીનગર તાલુકાના ચંદ્રાલા ગામે ગ્રામ પંચાયત અને તેના સભ્યો દ્વારા ગામના રામજી મંદિર, હનુમાનજી મંદિર, જાહેર સ્થાનો તેમજ અંતિમ ધામ ખાતે એક હજાર વૃક્ષોનું વાવેતર કરાયુ હતુ તેની તસ્વીર.

## નેહરુ યુવા કેન્દ્રએ વૃક્ષારોપણ અને સ્વચ્છતાના સંકલ્પ સાથે ઉજવ્યો સ્વાતંત્ર્ય દિન

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરના સેક્ટર-૧૬માં યુથ હોસ્ટેલ ખાતે ૭૩માં સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે તા. ૧૫મી ઓગષ્ટે નેહરુ યુવા કેન્દ્ર દ્વારા સવારે ૯.૩૦ કલાકે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ સાથે સ્વચ્છતા પખવાડા અંતર્ગત જલશક્તિ અભિયાન નિમિત્તે સ્વચ્છતાની જાળવણી અને પાણી બચાવવા અંગે સંકલ્પ લેવામાં આવ્યો હતો અને વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું.

નેહરુ યુવા કેન્દ્ર દ્વારા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીમાં ગાંધીનગર એનવાયકે કેન્દ્રના સંયોજક રજનીકાંત સુથાર, સરકારી વિજ્ઞાન કોલેજના એનએસએસના પ્રોગ્રામ ઓફિસર ડૉ. ઉમેશ તરપદા, એનસીસી ઓફિસર ડૉ. જિજ્ઞાસા વાઘેલા, હેપ્પી યુથ ક્લબના પ્રમુખ સમીર રામી, યુવા દિશા કેન્દ્રના સંજીવ મહેતા, નિવૃત સનદી અધિકારી પંકજ ઠાકર તથા મોટી સંખ્યામાં યુવા સ્વયંસેવકો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કાશ્મીરમાં કલમ ૩૭૦ અને ૩૫ એ ની નાબુદીના લોખંડી હિંમતભર્યા પગલાંની પ્રસંશા કરતા અભિનંદન પાઠવવામાં આવ્યાં હતા. આ સાથે શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી અને મહાત્મા ગાંધી, સરદાર પટેલ તથા પંડિત નેહરુની તસવીરોને પુષ્પાર્પણ કરવામાં આવ્યું હતું.

## સે. ૩-ડી ખાતે જન્માષ્ટમી મહોત્સવ-૨૦૧૯નું આયોજન

ગાંધીનગરના સેક્ટર-૩-ડી યુવક મિત્ર મંડળ દ્વારા આગામી તા. ૨૪મી ઓગષ્ટ શનિવારના રોજ શ્રીકૃષ્ણ જન્મના પાવન પર્વ નિમિત્તે જન્માષ્ટમી મહોત્સવ-૨૦૧૯નું આયોજન કરવામાં આવ્યું છે. સેક્ટર-૩-ડીના નવરાત્રી ચોક ખાતે યોજાનાર આ મહોત્સવનો રાત્રે ૮ કલાકે રાસ-ગરબાથી પ્રારંભ થશે અને રાત્રે ૧૧.૩૦ કલાકે મહા આરતી યોજાશે. બરાબર ૧૨ કલાકે કૃષ્ણ જન્મ બાદ દહી-હાંડીનો કાર્યક્રમ યોજાશે જેમાં યુવક મિત્ર મંડળના યુવાનો જોડાશે. આ ઉત્સવમાં દર્શન તથા રાસ-ગરબા અને દહીં-હાંડીનો લાભ લેવા નગરની ધર્મપ્રેમી જનતાને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## નેશનલ અને ઈન્ટરનેશનલ સાયન્સ ઓલમ્પિયાડ પર ઓરિએટેશન પ્રોગ્રામનો મેથ્સ સાથે પ્રારંભ

ગુજરાત સાયન્સ સિટી ખાતે નેશનલ એન્ડ ઈન્ટરનેશનલ સાયન્સ ઓલ્મપિયાડ પર ઓરિએટેશન પ્રોગ્રામ નો પ્રારંભ મેથ્સ સાથે થયો છે. અમદાવાદની



સ્કૂલના ૧૧ અને ૧૨માં ધોરણના વિદ્યાર્થીઓને એલ્જેબ્રા, જોમેટ્રી, નંબર થીયરી અને કોમ્બિનેટ્રિક્સમાં પ્રોબ્લેમ્સના સમાધાન માટે અને નેશનલ ઓલ્મપિયાડ ની તૈયારી માટે માર્ગદર્શન અપાયું હતું.

સેંટ ઝેવિયર્સ કોલેજના પ્રોફેસર અને રિજનલ કોર્ડિનેટર (ગુજરાત ), ડો. ઉદયન પ્રજાપતિ એ દૈનિક જીવનમાં મેથેમેટીક્સ ના ઉપયોગથી માહિતગાર કર્યા હતા. ડૉ. પ્રજાપતિના જણાવ્યા મુજબ "ફિજીક્સ, કેમેસ્ટ્રી અને બાયોલોજીની જેમ મેથેમેટીક્સને લેબોરેટરીની જરૂર નથી. જ્યાં પેન, પેપર, પ્રોબ્લેમ અને મગજ સાથે આવે છે ત્યા લેબ બની જાય છે."

સેશનને રસપ્રદ બનાવતા, ડો. પ્રજાપતિ એ ૩૪!નું (૩૪ ફેક્ટોરિયલ-ક્રમ ગણિત)નું સોલ્યુશન આપ્યું જેમાં ૪ ડિજિટ ન હતા. કંબાઈનેટ્રિક્સનો ઉપયોગ સમજાવતા ડો. પ્રજાપતિએ જવાબ શોધવામાં મદદ કરી તેમણે ઉમેર્યું કે "વિદ્યાર્થીઓ હોશિયાર હોય છે પણ તેમણે આવા ટ્રિકી પ્રશ્નો માટે આવી કેટલિક ટ્રિક જાણવી જરુરી હોય છે. આ પ્રકારના પ્રશ્નો ઈન્ટરનેશનલ ઓલમ્પિયાડમાં પૂછાતા હોય છે અને કોઈ પણ પ્રશ્ન ક્યારેય ફરી પૂછાતો નથી. કોઈ નેશનની ઓલમ્પિયાડમાં પૂછાયેલ પ્રશ્ન પણ ક્યારેય ફરી પૂછાતા નથી."

ત્યાર બાદ સેંટ ઝેવિયર્સ કોલેજના આસિસ્ટન્ટ પ્રોફેસર ડો. સાવન પટેલે તર્ક ના ઉપયોગ દ્વારા એલઝેબ્રાના પ્રશ્નો કેવી રીતે ઉકેલી શકાય તે સમજાવ્યું. બીજું સેશન બસ્તર યુનિવર્સિટી છત્તીસગઢના રજીસ્ટાર અને છત્તીસગઢ આરએમોના રિજનલ કોર્ડિનેટર ડો. વિનોદકુમાર પાઠક દ્વારા લેવામાં આવ્યું. તેમણે જટિલ ટોપીક કોચી સ્કાવર્ઝ ઈનઈક્વાલિટી અને છસ–ય્સ ઈનિક્વલિટી પસંદ કર્યો હતો.

ડો. પાઠકે વિદ્યાર્થીઓને ઉદાહરણ સાથે ઝર્જી વિષે સમાજ આપી અને ત્યાર બાદ ગવર્નમેંટ પોલિટેકનિક ગાંધીનગરના આસિસ્ટન્ટ પ્રોફેસર ડો. સચિન ગજ્જરે ઓલમ્પિયાડમાં પૂછાતા વિવિધ પ્રકાર ના નંબર થીયરીના પ્રશ્નો વિષે માહિતગાર કર્યા હતા. રવિવારે વિષય નિષ્ણાતો અને કેમેસ્ટ્રી સ્કૉલર્સ દ્વારા લેક્ચર લેવાશે.

## સરદાર પટેલના જીવન આધારિત સ્ટેજ શૉ સાથે અરૂણાચલ પ્રદેશે ઉજવ્યો સ્વતંત્રતા દિવસ

### અરૂણાચલના ગવર્નર અને મુખ્યમંત્રીએ નિહાળ્યો ગુજરાતનો અદભૂત કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૯

અરૂણાચલ પ્રદેશ ખાતે ૧૫મી ઓગષ્ટની ઉજવણી નિમિતે



ગુજરાત રાજય સરકાર અને અરૂણાચલ પ્રદેશના સહયોગથી ઈટાનગર ખાતે ભારતરત્ન લોહ પુરુષ સરદાર પટેલના જીવન પર આધારીત પ્રસંગોની નાટ્યાત્મક રજૂઆત સાથે સાંસ્કૃતિક કાર્યક્રમ ની રજૂઆત કરાઈ હતી. રાષ્ટ્રીય એકતા અને સાંસ્કૃતિક આદાન પ્રદાનના ધ્યેયને ધ્યાનમાં રાખીને ગુજરાત રાજય સરકાર ના યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા આ કાર્યક્રમ ગુજરાતની પ્રતિષ્ઠિત કંપની વ્યુફાઈન્ડર દ્વારા રજુ કરવામાં આવ્યો હતો.

અરૂણાચલ પ્રદેશના ગવર્નર બ્રિગેડીયર ડો. શ્રી બી. ડી. મિશ્રા, તથા મુખ્ય મંત્રી શ્રી પેમા ખાંડું આ ઉજવણીમાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે અરૂણાચલના ગવર્નરે દેશના રજવાડાઓના વિલીનીકરણમાં સરદારની ભૂમિકા, તથા જમ્મુ અને દેશની વર્તમાન સ્થિતિ વિષે જણાવ્યુ હતું.

સરદાર પટેલના જીવન પર આધારીત આ સ્ટેજ શોમાં સરદારના જીવનના ૨૧ મહત્વના પ્રસંગોને આવરી લેવાયા હતા. સરદાર પટેલની મુખ્ય ભૂમિકામાં પ્રશાંત બારોટ અને ગાંધીજીની ભૂમિકામાં દિપક અંતાણી તથા નહેરુની ભૂમિકા હિમાંશુ જોશી એ ભજવી હતી. ઉપરાંત કલાકારો દ્વારા વીર રસ ગીત અને વંદેમાતરમ પર અદભૂત પર્ફોર્મન્સ અપાયું હતું. સમગ્ર શોને લોકોએ સતત તાળીઓના ગડગડાટથી વધાવી લીધો હતો. ગવર્નર અને મુખ્યમંત્રીએ વ્યુફાઈન્ડર ટીમને ખૂબ અભિનંદન આપ્યા હતા અને તમામ સભ્યોનું સન્માન કર્યું હતું. દર્શકોથી છલોછલ હોલમાં ઉપસ્થિત તમામ લોકોએ આ નાટક અને કાર્યક્રમને તાળીઓથી વધાવ્યો હતો.



## લાયન્સ કલબ ગાંધીનગર દ્વારા સુઈ ગામે રક્ષાબંધન કાર્યક્રમ યોજાયો

લાયન્સ કલબ ગાંધીનગર દ્વારા ભારત-પાકિસ્તાનની બોર્ડર નજીક સુઈ ગામ ખાતે આવેલ બીએસએફના જવાનની રક્ષા માટે ગાંધીનગરની બોરીજની પ્રાથમિક શાળાની બાળાઓને લઈ જઈ રક્ષાબંધન કાર્યક્રમ યોજયો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા પ્રોજેક્ટ ચેરમેન નયન મધુકરે ભારે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમમાં પ્રેસિડન્ટ રાજેશ ગૌડા, પાસ્ટ પ્રેસિડન્ટ શિરીષભાઈ મોદી, લાયન વૈશાલી જોષી, લાયન ફાલ્ગુની ગૌડા તથા લીઓ મેમ્બર્સ હાજર રહ્યા હતા. બોરીજ સ્કુલના પ્રિન્સિપાલ કાશ્મીરાબેન તથા શિક્ષકોનો પણ પૂરતો સહકાર રહ્યો હતો.

## ચિલોડા પ્રાથમિક શાળાના બાળકોને તિથિભોજન પીરસ્યું

ગાંધીનગર તાલુકાના ચિલોડા પ્રાથમિક શાળાના બાળકોને પવિત્ર શ્રાવણ માસ સોમવારના દિવસે પાવૈયા વસંતી દે રેખા દે ઉર્ફે ચકુમાસી દ્વારા તિથિભોજનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. બાળકોને લાડુ શાક-ભાત-દાળ-પુરીનું મિષ્ટાન કરાવી શ્રાવણ માસની ઉજવણી કરી હતી.

# આપણી માતૃભાષા અનેક સુંદર-મધુર શબ્દોથી સમૃદ્ધ

માતૃભાષા ગરવી ગુજરાતીનાં સંરક્ષણ, સંવર્ધન અને સજજતા માટે કાર્યરત




માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનની ૨૫ મી કાર્યશાળા તા.૧૦-૮-૧૯ ના રોજ ગાંધીનગર ખાતે બાળ વિશ્વવિદ્યાલયમાં યોજાઈ ગઈ. દરવખતે અલગ અલગ ભાષાપ્રેમીઓ દ્વારા દીપ પ્રાગટ્ય કરવાની અનોખી પરંપરા પૂર્ણ કરી હાર્દિકભાઈ ભટ્ટના સુમધુર કંઠે મા સરસ્વતીની વંદના બાદ કાર્યક્રમનો દોર ગુજરાતી ગઝલ ક્ષેત્રે આગવી ઓળખ ધરાવતા કવિ, ભાષા અને વ્યાકરણના ઊંડા અભ્યાસુ કિશોરભાઈ જિકાદરાએ સંભાળી કોરબા,ઘાલા, ડૌઢી, કેડા, ઠોપર, ચાકાં, ટાનગો, ઉતાસ, ડગા જેવા વિસરાઈ ગયેલા મધુર તળપદા શબ્દોની રસાળ શૈલીમાં માહિતી આપી હતી. ત્યારબાદ તેઓશ્રીએ ઉંબરો, કરો, પછીત, નવેળી, મોભ, નેવા, કુંભી, ડેલો-ડેલી, ગળકબારી, સૂપડું જેવા હાલ ચલણમાં રહેલા પણ ઝડપથી ભુલાઈ જવાને આરે ઉભેલા શબ્દોની અર્થસભર વાતો પિરસી હતી.

ગુજરાતી ભાષાના વૈભવની ઝાંખી કરાવતા આ શબ્દો સમજાવતા લાગણી સભર સાદે શ્રી કિશોરભાઈએ જણાવ્યું હતું કે, આપણી માતૃભાષા અનેક પ્રકારના સુંદર-મધુર શબ્દોથી સમૃદ્ધ છે. પણ આપણે સાવ ટાંચા શબ્દોમાં જીવી જઈએ છીએ. આપણને ખબર નથી કે આવો વૈભવશાળી બાપનો માલ આપણી પાસે છે. કિશોરભાઈના વકતવ્ય બાદ કાર્યશાળાનો મૂળ વિષય 'સમાસ' ઉમદા શિક્ષક, લેખક અને માતૃભાષાના ઊંડા અભ્યાસુ એવા શ્રી કલ્પેશભાઈ પટેલે સમજાવ્યો હતો. સમાસનું વિજ્ઞાન ખૂબ જ રસાળ શૈલીમાં તર્કબદ્ધ રીતે સમજાવતા કલ્પેશભાઈ પાસે 'ભણવું' એ એક લ્હાવો છે. તત્પુરુષ, ઉપપદ, બહુવ્રિહી વગેરે પ્રકારના સમાસ વર્ગખંડમાં શુષ્ક લાગતા હોવાની સર્વસામાન્ય અનુભૂતિ હોય છે. સમાસને બોલતાં કરી દે તેવી હથોટી ધરાવતા કલ્પેશભાઈના સમાસના ત્રણ વર્ગો પૂરા થતા આગામી કાર્યશાળામાં સંધિનો વિષય શરૂ થશે. કાર્યશાળાના અંત ભાગમાં સંસ્કૃતના સંશોધક, પ્રાધ્યાપક, લેખક ડૉ. જય ઓઝાએ પ્રાચીન ભારતની ભાષાસિદ્ધિની ઝલક દર્શાવતો છઠ્ઠી સદીના મહાકવિ ભારવીનો માત્ર 'ન'ના ઉપયોગ વાળો એક શ્લોક પ્રસ્તુત કરી ભાવિકોને અભિભૂત કર્યા હતા. આ શ્લોકમાં છત્રીસ જેટલા 'ન' સિવાય અન્ય કોઈ અક્ષરનો ઉપયોગ નથી. ડૉ. ઓઝાએ જણાવ્યું કે સંસ્કૃતના આધાર પર ઊભેલી આપણી ગરવી ગુજરાતીમાં પણ અગાધ ઊંડાણ છે. વંદેમાતરમનું ગાન કરી કાર્યશાળાની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. આ કાર્યશાળામાં જીપીએસસીના પૂર્વ અધ્યક્ષશ્રી પ્રવીણભાઈ વઘાશિયા, કામધેનુ યુનિવર્સિટીના પુર્વ ઉપકુલપતિ ડૉ પ્રવીણભાઈ વાટલીયા, ભાષાના ઉંડા અભ્યાસુ શ્રીમતી કિરણબેન બાલાસરા સહિત અનેક ભાષાપ્રેમીઓ હાજર રહયાં હતાં.

### માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનની ૨૫મી કાર્યશાળા યોજાઈ

દર મહિને બીજા અને ચોથા શનિવારે યોજાતી આ કાર્યશાળામાં ચૉક-ડસ્ટર અને બોર્ડની પરંપરાગત પદ્ધતિથી માતૃભાષા ગુજરાતીનો મહિમા સમજાવાય છે. મુકત ચર્ચા અને પ્રશ્નોત્તરીની છૂટ હોય છે. ભાષાનું ઉંડુ જ્ઞાન ધરાવતાં ભાષાવિદોને જિજ્ઞાસુ બનીને ભણતાં જોવાનો લ્હાવો અનેરો હોય છે. આ કાર્યશાળામાં વિના મૂલ્યે ભાગ લઈ શકાય છે.

**Change of Name**

I, Barkatullakhan Amirkhan Pathan father of Abrarkhan Barkathullakhan Pathan, holder of Indian Passport No T4014774, issued at Kuwait on 13/06/2019, permanent resident of Plot No 599/2-A, Sector 8, Gandhinagar – 382007 residing in Kuwait at present, hereby declare that henceforth name of my son will be read as under:

Given name : Abrarkhan Barkatullakhan and Surname : Pathan

ગુજરાત સરકાર

**નર્મદા જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**

**જાહેર નિવિદા નં-૩ (એસ.કે.) વર્ષ ૨૦૧૯-૨૦૧૯નો સુધારો-૧**

કાર્યપાલક ઈજનેરશ્રી, કાંસ વિભાગ, ગાંધીનગર સ્ટેટ વૉટર ડેટા સેન્ટર બીલ્ડીંગ, સેક્ટર-૮, ગાંધીનગર-૩૮૨૦૦૮ ફોન નં. ૦૭૯-૨૩૨૪૮૦૦૬ દ્વારા જાહેર નિવિદા નં.૩ (એસ.કે.)થી અનુ નં.૨માં દર્શાવેલ RFP Bid (ઈ-ટેન્ડરીંગ પદ્ધતિ)થી ભાવો મંગાવવામાં આવેલ હતાં. સદરહુ ઓનલાઈન ટેન્ડર આઈ.ડી. નં. ૩૭૨૯૯૪ ટેકનીકલ કારણોસર રદ કરેલ છે અને તેમાં નીચે મુજબ સુધારો બહાર પાડવામાં આવે છે.

સુધારા મુજબના આઈ.ડી. નં. ૩૭૩૧૦૦ ના દસ્તાવેજો વેબસાઈટ www.nwr.nprocure.com ઉપરથી તા. ૧૬/૮/૨૦૧૯થી તા. ૩૦/૮/૨૦૧૯, ૧૮:૦૦ કલાક સુધી ડાઉનલોડ / અપલોડ કરી શકાશે. ટેન્ડર ડોક્યુમેન્ટ, ટેન્ડર ફી અને ઈ.એમ.ડી. (ઓછામાં ઓછી ૧૮૦ દિવસ મુદતની જોડવી). સંબંધિત કામના જરૂરી દસ્તાવેજો તા. ૩૧/૮/૨૦૧૯ થી તા. ૪/૯/૨૦૧૯ સમય ૧૬.૦૦ કલાક સુધી રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટ / કુરીયરથી સ્વીકારવામાં આવશે.

અનુ.નં.૨ના કામની પ્રીબીડ મીટિંગ તા. ૨૨/૮/૨૦૧૯ના રોજ સમય ૧૨:૦૦ કલાકે રાખવામાં આવેલ છે. સદર કામનું પ્રાઈમરી / ટેકનીકલ બીડ તથા પ્રાઈસ બીડ તા. ૩૦/૮/૨૦૧૯, સમય ૧૮:૦૧ કલાકે ખોલવામાં આવશે (જો શકય હશે તો). વધુ માહિતી વેબસાઈટ www.nwr.nprocure.com પરથી મેળવી શકાશે. અનુક્રમ નં.૧ના કામના ટેન્ડર (ટેન્ડર આઈ.ડી.નં. ૩૭૨૯૮૨)ની વિગતો અગાઉની નિવિદા નં.૩ મુજબ યથાવત રહેશે.

માહિતી/૯૧૯/૧૯-૨૦